અગ્રતા ક્રમ -: 03

**વિભાગ :-** શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક :** ૧૫/૪/૮૭૪

**૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર**

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ : ૧૩.૦૨.૨૦૨૪

(બીજી બેઠક)

પ્રશ્નનું શિર્ષક : ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતીમેળા

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર :

**શ્રી જ્યંતિભાઇ સોમાભાઇ પટેલ (માણસા)**

# અગ્રતા ક્રમ : 03

# વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૮૭૪

# અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક માહિતી | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન-૧ | ગાંધીનગર જિલ્લામાં તા.૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યોજાયેલ ભરતી મેળામાં કેટલા નોકરી દાતા હાજર રહ્યાં અને મુખ્યત્વે કયા ક્ષેત્રમાં નોકરી આપવામાં આવી ? | શ્રી જ્યંતિભાઇ એસ. પટેલ (માણસા) |
| પેટા પ્રશ્ન-૨ | ગાંધીનગર જિલ્લામાં તા.૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા ભરતીમેળા યોજવામાં આવ્યા, કેટલા પસંદગી પામ્યા તથા કેટલા નોકરીદાતાએ ભાગ લીધો? | શ્રી જ્યંતિભાઇ એસ. પટેલ (માણસા) |
| પેટા પ્રશ્ન-3 | રોજગાર ભરતીમેળામાં આયોજનની કાર્યપધ્ધતિ શું છે? | શ્રી લક્ષ્મણજી ઠાકોર (કલોલ) |
| પેટા પ્રશ્ન-૪ | ઔધોગિક ભરતીમેળાના આયોજનની ઉપયોગીતા જણાવશો અને આ ભરતીમેળામાં કયા ઉમેદવારો ભાગ લઇ શકે છે ? | શ્રી લક્ષ્મણજી ઠાકોર (કલોલ) |
| પેટા પ્રશ્ન-૫ | રોજગારી મેળવવા માટે "રોજગાર ભરતી મેળા" સિવાય રોજગાર કચેરી અન્ય કેવી રીતે મદદરૂપ થઇ શકે ? | શ્રી અલ્પેશભાઇ ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

તારાંકિત પ્રશ્ન | ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/874

વિષય:

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 11/01/2024 | તારીખ 07/02/2024 | 22/01/2024 |

*15/4/874 શ્રી જયંતિભાઇ સોમાભાઇ પટેલ (માણસા)

શ્રમ અને રોજગાર જણાવવા કૃપા કરશે કે:-

માનનીય શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા, અને

(૨) ઉક્ત ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી?

----

CS Scanned with CamScanner

મેઇન પેજ પર જાઓ

**વિભાગે કરેલ જવાબ**

## ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા

*15/4/874 : શ્રી જયંતિભાઈ સોમાભાઈ પટેલ (માણસા):- માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| ક્રમ | પ્રશ્ન | ક્રમ | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા,અને | (૧) | ૩૨ |
| (૨) | ઉકત ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી ? | (૨) | ૪૧૮૭ |

---

ગૃહમાં જવાબ મોકલવાની તારીખ:૦૭/૦૨/૨૦૨૪

ક્રમાંક: વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર.-૨૭/આર-(૨)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા: ૩૧/૦૧/૨૦૨૪

રોજગાર અને તાલીમ ગાંધીનગર
તારીખ:- 05/02/24
આવક નંબર:- 36231 શાખા

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગરના તારાંકિત પ્રશ્ન ક્રમાંક:15/4/874 અન્વયે વધારાની ત્રણ નકલો સહીત.

(ગગુભા રાજ)
નાયબ સચિવ
શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

નકલ રવાના:-

૧. માન.મંત્રીશ્રી, શ્રમ અને રોજગારના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૨. માન.રા.ક.મંત્રીશ્રી, શ્રમ અને રોજગારના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
૩. નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુ.રા. ૧/૩, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ...આપના તા.૨૫/૦૧/૨૦૨૪ ના પત્ર ક્રમાંક: રોતાનિ/સ્કીમે-૮/વિસપ/૫૧/૨૪ અન્વયે જાણ સારુ.
૪. સેકશન અધિકારીશ્રી, સંકલન શાખા, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. શાખા સિલેક્ટ ફાઈલ

Scanned with CamScanner

મેઇન પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

- પ્રસ્તુત વિધાનસભા પ્રશ્ન રાજયમાં રોજગાર કચેરી દવારા કરવામાં આવતી કામગીરી અંગેનો છે.
- નિયામકશ્રી રોજગાર અને તાલીમની કચેરી હેઠળ રાજયમાં ૪૬ રોજગાર કચેરીઓ કાર્યરત્ત છે.
- રોજગારવાંછું ઉમેદવારોને રોજગારીની યોગ્ય તકો મળી રહે તે માટે રાજ્યની રોજગાર કચેરીઓ ખાતે નામ નોંધણી, ખાલી જગ્યાઓ સામે ઉમેદવારોની ભલામણ, કારકિર્દી માર્ગદર્શન તથા કાઉન્સેલિંગ જેવી અગત્યની સેવાઓ ઉપલબ્ધ છે.
- રાજ્યના રોજગારવાંચ્છુઓને ખાનગીક્ષેત્રે રોજગારીની તકો પુરી પાડવાના હેતુસર રોજગાર કચેરીઓ દ્વારા સમયાંતરે ઔદ્યોગિક ભરતીમેળાના આયોજન થકી રોજગારવાંચ્છુ તથા નોકરીદાતાઓને એક કોમન પ્લેટફોર્મ પર લાવવામાં આવે છે.
- રોજગારવાંચ્છુ ઉમેદવારો અને નોકરીદાતાઓને અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી સરકારશ્રી દ્વારા નામ-નોંધણી, ખાલી જગ્યા પોસ્ટ કરવા, લાયક ઉમેદવારો શોધવા તેમજ રાજ્યભરની ખાલી જગ્યાઓ સામે ઓનલાઈન અરજી કરવા માટે ડીજીટલ માધ્યમ પૂરૂ પાડેલ છે. નોકરીદાતાઓ અને રોજગારવાંચ્છુઓ ઓનલાઈન પધ્ધતિથી ભરતીમેળાની માહિતી મેળવી શકે છે અને ભાગ લઈ શકે છે.
- આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ ખાતે સેમીનાર/વેબીનારના માધ્યમ દ્વારા અથવા રૂબરૂ અભ્યાસલક્ષી/ રોજગારલક્ષી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે.

મેઇન પેજ પર જાઓ

## પૂરક નોંધ

- ખાનગીક્ષેત્રે રોજગારીની તકો પુરી પાડવા માટે રોજગાર કચેરીઓ દ્વારા ભરતીમેળાનું આયોજન કરવામાં આવે છે તેમજ નોકરીદાતા દ્વારા નોંધાવવામાં આવતી ખાલી જગ્યાને અનુરૂપ લાયકાત ધરાવતા ઉમેદવારોની ભલામણ યાદી પાઠવવામાં આવે છે. જ્યારે સરકારી નોકરી માટે નિયત થયેલ ભરતી નિયમો હેઠળની વર્ગ-૧ થી ૩ ની જગ્યાઓની ભરતી સરકારશ્રીના જુદા-જુદા ભરતી માટેના બોર્ડ કે આયોગ દ્વારા અલગથી કરવામાં આવે છે, જેનો સમાવેશ રોજગાર કચેરીના આંકડામાં થતો નથી.
- રાજ્યના રોજગારવાંચ્છુઓને ખાનગીક્ષેત્રે રોજગારીની તકો પુરી પાડવાના હેતુસર રોજગાર કચેરીઓ દ્વારા સમયાંતરે ઔદ્યોગિક ભરતીમેળાના આયોજન થકી રોજગારવાંચ્છુ તથા નોકરીદાતાઓને એક કોમન પ્લેટફોર્મ પર લાવવામાં આવે છે. આ ભરતીમેળામાં નોકરીદાતાઓને તથા રોજગારવાંચ્છુઓને યોગ્ય બેઠક વ્યવસ્થા, પીવાના પાણી સહીત રીફ્રેશમેન્ટની સુવિધા પુરી પાડવામાં આવે છે, ઉપરાંત ઈન્ટરવ્યુના સ્થળે પહોંચવા માટે રોજગારવાંચ્છુઓને એસ.ટી.કુપનની વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે.
- ભારત સરકારના આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા ઓક્ટોબર-૨૦૨૩ માં પ્રસિધ્ધ થયેલ વાર્ષિક અહેવાલ અનુસાર ભારતનો બેરોજગારીનો દર ૩.૨ ટકા છે જ્યારે ગુજરાતમાં માત્ર ૧.૭ ટકા જ છે.
- રાજ્યની રોજગાર કચેરીના માધ્યમથી છેલ્લા બે વર્ષમાં કુલ ૫,૮૫,૩૯૦ રોજગારી પુરી પાડેલ છે જે પૈકી મોટાભાગની રોજગારી મેન્યુફેક્ચરીંગ (ઉત્પાદન ક્ષેત્ર), ટેક્ષટાઇલ, કોમ્પ્યુટરક્ષેત્ર તેમજ બેંક અને વીમાને લગતી સેવાઓમાં પુરી પાડવામાં આવેલ છે.
- એપ્રેન્ટિસશીપ તાલીમ માટે ખાલી જગ્યા નોંધાવતા નોકરીદાતાઓને જગ્યાને અનુરૂપ લાયકાત ધરાવતા ઉમેદવારોની ભલામણ યાદી પાઠવવામાં આવે છે તેમજ આવશ્યકતા અનુસાર ભરતીમેળા અને અનુબંધમ પોર્ટલ મારફતે પણ ઉમેદવારોની વિગતો રોજગાર કચેરીઓ દ્વારા પુરી પાડવામાં આવે છે.

- રોજગાર કચેરી ખાતે નોંધાયેલ ઉમેદવારોને સંરક્ષણક્ષેત્રે યોજાતી (ભુમિદળ, હવાઈદળ, નૌકાદળ, બીએસએફ, પેરામિલિટરી દળો...વગેરે) ભરતીપ્રક્રિયાની માહિતી આપવામાં આવે છે. આ ઉપરાંત સેના ભરતી કાર્યાલયો દ્વારા આયોજીત લશ્કરી ભરતીમેળાના આયોજનમાં સહયોગ કરવામાં આવે છે. ગુજરાતના વધુ ઉમેદવારો સંખ્યામાં જોડાય તે માટે તમામ જીલ્લાઓમાં ૩૦ દિવસની શારિરીક તેમજ લેખિત કસોટીની તૈયારી માટે નિવાસી તાલીમ આપવામાં આવે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ના યુવાનો માટે પણ અલગથી ખાસ વર્ગ યોજવામાં આવે છે.
- ગુજરાત રાજ્યના રોજગારવાંચ્છુઓ માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા તા.૦૬/૦૮/૨૦૨૧ના રોજ રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે અનુબંધમ વેબપોર્ટલ શરૂ કરવામાં આવેલ. જેમાં ઉમેદવારો પોતાના ઘરે બેઠા નામ-નોંધણી કરી શકે છે, નોકરીદાતા તેમની ખાલી જગ્યાઓ ઓનલાઈન પોસ્ટ કરી શકે છે. આ ઉપરાંત નોકરીદાતા દ્વારા ઓનલાઈન ઈન્ટરવ્યુ રીકવેસ્ટ, ઉમેદવારોની વિગતો શોધવી જેવી સુવિધાઓનો લાભ લઈ શકે છે તેમજ રાજ્યમાં યોજાતા રોજગાર ભરતીમેળાઓમાં ભાગ લઈ શકે છે. આ વેબપોર્ટલની મદદથી નોકરીદાતા તેમજ રોજગારવાંચ્છુ ઉમેદવાર રાજ્યના કોઈપણ જીલ્લામાં યોજાતા ભરતીમેળામાં ભાગ લઈ શકે છે તેમજ નોંધાયેલ ખાલી જગ્યા સામે ઓનલાઈન અરજી કરી શકે છે. આમ, ઉમેદવારને નોંધણીના જીલ્લા કાર્યક્ષેત્ર બહારની ખાલી જગ્યાઓ પણ અરજી માટે ઉપલબ્ધ થાય છે અને નોકરીદાતાને લાયક માનવબળ મળી રહે છે.

મેઇન પેજ પર જાઓ

## રોજગાર ભરતીમેળા

- ઉધોગોની જરુરિયાત મુજબ કૌશલ્યલક્ષી માનવબળ અને યુવાનોને ખાનગીક્ષેત્રે રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી રોજગાર કચેરીઓ દ્વારા રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવે છે.
- ખાનગીક્ષેત્રના એકમો પાસેથી ખાલી પડતી જગ્યાઓની માહિતી મેળવીને ઉમેદવારોને અને નોકરીદાતાઓને એક મંચ ઉપર એકત્રિત કરવામાં આવે છે.
- રાજ્યની રોજગાર કચેરીઓ તાલુકા/જી.આઈ.ડી.સી. કક્ષાએ, જીલ્લા કક્ષાએ તથા ક્લસ્ટર કક્ષાએ ભરતીમેળાનું આયોજન કરે છે. પ્રચારના વિવિધ માધ્યમો દ્વારા ભરતીમેળાની પ્રસિદ્ધિ કરવામાં આવે છે તથા ઔધોગિક વસાહતો, શાળા/કોલેજના કેમ્પસ, આઇ.ટી.આઇ. કેમ્પસ ખાતે સુચારુ આયોજન કરવામાં આવે છે

➢ <u>ભરતીમેળાનું આયોજન</u>:

- રાજ્યના રોજગારવાચ્છું ઉમેદવારો ભરતી મેળાનો લાભ લઇ, ચોક્કસ સફળતા પ્રાપ્ત કરી શકે તે માટે ભરતી મેળાનું નક્કર આયોજન હાથ ધરવામાં આવે છે. આ માટે  મુખ્યત્વે બે પ્રકારે મોબીલાઈઝેશન( બહોળી પ્રસિધ્ધિ) કરવામાં આવે છે (૧) રોજગારવાચ્છું ઉમેદવારોનું મોબીલાઈઝેશન તથા  (૨) નોકરીદાતાઓનું મોબીલાઈઝેશન.

- ભરતીમેળામાં જે ઔદ્યોગિક એકમોમાં ખાલી જગ્યાઓ હોય તે એકમોમાં સર્વે કરાવી રોજગાર કચેરીઓ નોકરીદાતાના સતત સંપર્કમાં રહી ખાલી જગ્યાઓ મેળવે છે. ત્યારબાદ નોકરીદાતા અને રોજગારવાંચ્છુઓને અનુકૂળ પડે તેવા સ્થળ નક્કી કરી ભરતીમેળા માટે બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવે છે.
- ભરતીમેળાના દિવસે સ્થળ ઉપર નોકરીદાતા તથા ઉમેદવારો માટે યોગ્ય બેઠક વ્યવસ્થા, પીવાના પાણી, સેનીટેશન તથા રીફ્રેશમેન્ટની સુવિધા વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે. નોકરીદાતાઓને ઈન્ટરવ્યુ માટે રૂમ/અલગ વ્યવસ્થા આપવામાં આવે છે.
- વર્ષ-૨૦૨૩માં રાજ્યની રોજગાર કચેરીઓના સઘન પ્રયત્નોના કારણે કુલ ૧૩૨૫ ઔધોગિક ભરતીમેળાઓના આયોજન થકી ૧,૪૩,૩૨૧ ઉમેદવારો પસંદગી પામેલ છે.

➢ <u>ઓનલાઈન ભરતીમેળા:</u>

- કોવિડ-૧૯ના સંક્રમણની પરીસ્થિતિમાં નોકરીદાતાઓ ભરતીમેળાના સ્થળે એક સાથે મોટા પ્રમાણમાં ઉમેદવારોના સંપર્કમાં આવવા ઇચ્છતા ન હોય, તેમજ ઉમેદવારોને ભરતીમેળામાં હાજર રહેવા મુસાફરી ન કરવી પડે તથા રૂબરૂ સંપર્ક વગર રોજગારીની તકો મળી રહે તે હેતુથી ડીજીટલ માધ્યમથી રોજગારી પૂરી પાડવા ઓનલાઇન (વર્ચ્યુઅલ) ભરતીમેળાનો નવતર અભિગમ રોજગાર કચેરીઓએ કરેલ, જેના થકી રોજગારવાંચ્છુ યુવાનોને પાત્રતા મુજબ રોજગારી તથા નોકરીદાતાઓને કુશળ માનવબળ પૂરું પાડવા માટેના પ્રયાસ કરવામાં આવેલ છે.

# છેલ્લા પાંચ વર્ષમાં ગાંધીનગર જીલ્લામાં રોજગારી

| વર્ષ | રોજગાર કચેરી મારફતે કુલ રોજગારી (પ્લેસમેન્ટ) | કુલ રોજગારી પૈકી ભરતીમેળામાં રોજગારી |
|---|---|---|
| ૨૦૧૯ | ૧૧,૦૮૪ | ૧૦,૮૬૭ |
| ૨૦૨૦ | ૪,૮૧૬ | ૪,૭૪૨ |
| ૨૦૨૧ | ૫,૧૮૭ | ૫,૧૮૫ |
| ૨૦૨૨ | ૭,૮૭૩ | ૬,૬૪૯ |
| ૨૦૨૩ | ૧૦,૦૭૫ | ૪,૧૮૭ |
| કુલ..... | ૩૯,૦૩૫ | ૩૧,૬૩૦ |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ : 03<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૮૭૪ | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી જ્યંતિભાઇ એસ. પટેલ (માણસા)** | |
| **પેટા પ્રશ્ન ૧** | ગાંધીનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યોજાયેલ ભરતી મેળામાં કેટલા નોકરીદાતા હાજર રહ્યાં અને મુખ્યત્વે કયા ક્ષેત્રમાં નોકરી આપવામાં આવી ? |
| **જવાબ** | • **ગાંધીનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યોજાયેલ ભરતીમેળામાં ૧૮૫ નોકરીદાતા હાજર રહ્યા. જેમાં મુખ્યત્વે નીચે મુજબના ક્ષેત્રે નોકરી આપવામાં આવી.**<br>• **મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે-**<br>○ ઓટોમોબાઈલ્સ<br>○ ઈલેક્ટ્રીકલ્સ અને ઈલેક્ટ્રોનીક્સ<br>○ જીવનરક્ષક દવાઓ અને ફાર્માસ્યુટીકલ્સ<br>○ મેટલ અને ફાઉન્ડ્રી (ધાતુ પીગાળવાની ભઠ્ઠી તથા અન્ય)<br>○ મેન્યુફેક્ચરીંગ ઓફ એન્જીનિયરીંગ ગુડ્સ (મશીનરી અને તેના પાર્ટનું ઉત્પાદન)<br>• **સર્વિસ ક્ષેત્રે-**<br>○ આઈ.ટી (માહિતી અને ટેકનોલોજી)<br>○ સેલ્સ અને રીટેઈલ (નાના મોટા વ્યવસાયોને લગતા માર્કેટીંગ અને વેચાણ)<br>○ બેન્કિંગ ફાયનાન્સ એન્ડ ઈન્શ્યોરન્સ સર્વિસ (બેંક અને વીમાને લગતી સેવાઓ)<br>○ સિક્યુરીટી સર્વિસ<br>○ આરોગ્યલક્ષી સેવાઓ |

મેઇન પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૦૩

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૮૭૪

પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી જ્યંતિભાઇ એસ. પટેલ (માણસા)

**પેટા પ્રશ્ન ૨**

ગાંધીનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા ભરતીમેળા યોજવામાં આવ્યા, કેટલા પસંદગી પામ્યા તથા કેટલા નોકરીદાતાઓએ ભાગ લીધો?

**જવાબ**

| ક્રમ | તાલુકાનું નામ | યોજવામાં આવેલ ભરતીમેળાની સંખ્યા | ભરતીમેળામાં રોજગારી મેળવેલ ઉમેદવારોની સંખ્યા | ભરતીમેળામાં હાજર રહેલ નોકરીદાતાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૯ | ૨૩૨૭ | ૮૯ |
| ૨ | માણસા | ૩ | ૨૬૨ | ૧૭ |
| ૩ | દહેગામ | ૪ | ૫૨૨ | ૨૯ |
| ૪ | કલોલ | ૬ | ૧૦૭૬ | ૫૦ |
| કુલ | | ૩૨ | ૪૧૮૭ | ૧૮૫ |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ : ૦૩<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૮૭૪ | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી લક્ષ્મણજી ઠાકોર (કલોલ) | |
| પેટા પ્રશ્ન ૩ | રોજગાર ભરતીમેળામાં આયોજનની કાર્યપદ્ધતિ શું છે? |
| **જવાબ** | • રાજ્યના યુવાનોને રોજગારી મળી રહે તે હેતુથી ઉમેદવારો અને ખાનગી નોકરીદાતાઓને એક પ્લેટફોર્મ પર એકત્રિત કરીને ભરતીમેળાનું આયોજન કરવામાં આવે છે.<br>• રોજગાર કચેરી ધ્વારા ખાનગી એકમોનો સંપર્ક કરી ખાલી જગ્યાઓ મેળવવામાં આવે છે. ખાલી જગ્યાઓની સંખ્યાઓની સંખ્યાના આધારે સમયાંતરે ભરતીમેળાનું આયોજન એક અથવા એકથી વધારે નોકરીદાતાઓ માટે કરવામાં આવે છે.<br>• નોકરીદાતાઓની સંખ્યા તથા નોંધાયેલ ખાલી જગ્યાને ધ્યાને લઈ તાલુક/કક્ષાએ, જીલ્લા કક્ષાએ તથા ક્લસ્ટર કક્ષાએ (એક કરતા વધુ જીલ્લામાં માટે સંયુક્ત) ભરતીમેળાનું આયોજન કરવામાં આવે છે.<br>• ભરતીમેળાઓ સામાન્ય રીતે ઔધોગિક વસાહતો, શાળા/કોલેજના કેમ્પસ, આઈ.ટી.આઈ. કેમ્પસ ખાતે યોજવામાં આવે છે.<br>• નોંધાયેલ વેકેન્સી સામે લાયક ઉમેદવારો ભરતીમેળામાં ઉપસ્થિત રહે તે માટે ઉમેદવારોને સમયમર્યાદામાં જાણ કરવામાં આવે છે તથા પ્રચાર-પ્રસારનાં વિવિધ માધ્યમો દ્વારા ભરતીમેળાની પ્રસિદ્ધિ કરવામાં આવે છે.<br>• ભરતીમેળામાં રોજગાર કચેરી ખાતે નોંધાયેલ તથા ન નોંધાયેલ ઉમેદવારો પણ ભાગ લઈ શકે છે. |

| | |
|---|---|
| | • ભરતીમેળાના સ્થળે ભરતીમેળામાં ભાગ લેનાર નોકરીદાતા, ખાલી જગ્યા, જરૂરી લાયકાતની વિગતો દર્શાવતા બોર્ડ/બેનર રાખવામાં આવે છે.<br>• ભરતીમેળામાં સૌ પ્રથમ તમામ ઉમેદવારોને એક સ્થળે બેસાડીને નોકરીદાતાઓનો પરિચય થાય તે માટેની એક સ્થળે બેસાળીને નોકરીદાતાનોનો પરિચય થાય તે માટેની સુવિધા પુરી પાડવામાં આવે છે.<br>• તમામ નોકરીદાતાઓ દ્વારા તેમના એકમ વિશે, ખાલી જગ્યા સામે લાયકાત, કામના પ્રકાર તથા પસંદગી પ્રક્રિયા, પગાર, મળવાપાત્ર લાભની જાણકારી આપવામાં આવે છે.<br>• નોકરીદાતાઓ  ઉમેદવારોના ઈન્ટરવ્યુ સહેલાઈથી લઈ શકે તે માટે અલગ-અલગ રૂમ અથવા સ્ટોલ ફાળવવામાં આવે છે.<br>• ભરતીમેળાના સ્થળે ઉમેદવારોને ઈન્ટરવ્યુની બેઠક વ્યવસ્થા અંગેની જાણકારી માટે ઈન્ટરવ્યુકક્ષની બહાર નોકરીદાતાને ફાળવેલ સ્ટોલ, નોકરીદાતાનું નામ, જગ્યાનું નામ દર્શાવતુ લીસ્ટ લગાવવામાં આવે છે.<br>• ઉમેદવારોની પ્રક્રિયા બાદ નોકરીદાતા દ્વારા પસંદ કરવામાં આવેલ ઉમેદવારોની વિગતો મેળવવામાં આવે છે.<br>આમ, ભરતીમેળા થકી નોકરીદાતાઓને કુશળ માનવબળ અને ઉમેદવારોને સ્થાનિક રોજગારી પૂરી પાડવાના પ્રયત્નો કરવામાં આવે છે. |

[મેઇન પેજ પર જાઓ]

| | |
|---|---|
| અગ્રતા ક્રમ : 03<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૮૭૪ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી લક્ષ્મણજી ઠાકોર (કલોલ) | |
| પેટા પ્રશ્ન ૪ | ઔધોગિક ભરતીમેળાના આયોજનની ઉપયોગીતા જણાવશો અને આ ભરતીમેળામાં કયા ઉમેદવારો ભાગ લઇ શકે છે ? |
| જવાબ | • ઉમેદવારો અને નોકરીદાતાઓને ભરતીમેળાના માધ્યમથી એકત્રિત કરીને રોજગારી ઉપલબ્ધ થાય તેવું આયોજન કરવામાં આવે છે.<br>• સ્થાનિક કક્ષાએ ભરતીમેળાના આયોજનથી રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારીની વિવિધ તકો પ્રાપ્ત થાય છે.<br>• પોતાના ઘર આંગણે રોજગારી મેળવી શકે છે.<br>• જિલ્લાઓમાં ભરતીમેળાઓના આયોજન કરવાથી ઉમેદવારો તથા નોકરીદાતાના સમય, નાણાં અને શક્તિના બચાવમાં મદદ થાય છે.<br>• અનુબંધમ પોર્ટલ તેમજ મોબાઈલ એપથી ભરતીમેળાની વ્યાપક પ્રસિધ્ધિ મળે છે અને જાગરૂકતા પણ આવે છે<br>અને<br>રોજગાર કચેરી ખાતે નોંધાયેલ હોય તેવા તેમજ ન નોંધાયેલ ઉમેદવારોની પણ સ્થળ પર નોંધણી કરી ભરતીમેળામાં ભાગ લેવા દેવામાં આવે છે. |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ : 03<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૮૭૪ | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી અલ્પેશભાઇ ઠાકોર (ગાંધીનગર દક્ષિણ)** | |
| **પેટા પ્રશ્ન ૫** | રોજગારી મેળવવા માટે “રોજગાર ભરતી મેળા” સિવાય રોજગાર કચેરી અન્ય કેવી રીતે મદદરૂપ થઇ શકે ? |
| જવાબ | રાજ્યના રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગાર ભરતીમેળા ઉપરાંત નીચે દર્શાવેલ અન્ય વિવિધ પ્રકારે રોજગારી મળી રહે અને તેમની રોજગાર ક્ષમતા વિકસે તે માટે કામગીરી કરવામાં આવે છે .<br>• રોજગાર કચેરી ખાતે નોંધાતી ખાલી જગ્યાઓ સામે લાયક ઉમેદવારોના નામોની ભલામણ યાદી નોકરીદાતાને મોકલવામાં આવે છે. જેઓ નોકરીદાતા દ્વારા આયોજીત ટેસ્ટ/ઈન્ટરવ્યુમાં ઉપસ્થિતિ રહી રોજગારી માટેની તક મેળવી શકે છે.<br>• સરકારશ્રી દ્વારા રોજગારવાંચ્છું ઉમેદવારો માટે શરૂ કરેલ "અનુબંધમ" વેબપોર્ટલ તથા મોબાઇલ એપ મારફતે ઉમેદવારો ઘરે બેઠા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકે છેતેમજ રોજગારવાંચ્છું ઉમેદવાર અનુબંધમ પોર્ટલ પર પોસ્ટ થયેલ ખાલી જગ્યાઓ જોઈ શકે છે અને ઓનલાઈન એપ્લીકેશન કરી રોજગારીની તકો મેળવી શકે છે.<br>• સરકારી નોકરીમાં રોજગારી મેળવવા માંગતા ઉમેદવારો માટે રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા સોશિયલ મિડીયા, પ્રિન્ટમિડીયા તથા કચેરી ખાતે આવતા ઉમેદવારોને રૂબરૂમાં આ અંગેની જાહેરખબરો, અરજી કરવાની કાર્યપધ્ધતિ, જરૂરી લાયકાત અંગે માહિતગાર કરી રોજગારી મેળવવા પ્રેરીત કરવામાં આવે છે. |

| | |
|---|---|
| | • આર્મી, એરફોર્સ અને નેવી સહિત રાજ્યના સંરક્ષણદળો/અર્ધ લશ્કરી દળોમાં ભરતીથવા ઈચ્છુંક ઉમેદવારો માટે સબંધિત સંરક્ષણદળોની કચેરી સાથે પરામર્શમાં રહી લશ્કરી ભરતીમેળાઓનુ આયોજન રોજગાર કચેરીઓ દ્વારા જિલ્લા વહિવટી તંત્રના સહયોગમાં રહીને સમયાંતરે કરવામાં આવે છે. આ ઉપરાંત આવી ભરતી પુર્વે ઉમેદવારોને ૩૦ દિવસની નિ:શુલ્ક નિવાસી તાલીમ આપી તેમની રોજગાર ક્ષમતા વર્ધન કરવામાં આવે છે.<br>• રોજગાર કચેરીઓ ખાતે કારર્કિદી માર્ગદર્શન માટે અદ્યતન સુવિધા ઉપલબ્ધ છે, જેના મારફતે ઉજ્જવળ કારકિર્દિના ઘડતર માટે ઉમેદવારોને માર્ગદર્શન આપવામાં આવે છે.<br>• સ્વરોજગાર કરીને પગભર થવા ઈચ્છુક ઉમેદવારો માટે રોજગાર કચેરીઓ દ્વારા સમયાંતરે સ્વરોજગાર માર્ગદર્શન શિબિરોનું આયોજન કરી સરકારશ્રીના વિવિધ ખાતાઓની સ્વરોજગાર વિષયક યોજનાઓની માહિતી આપવામાં આવે છે. |

મેઇન પેજ પર જાઓ